ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

જાહેરાત ક્રમાંક : ૧૧૫/૨૦૧૬૧૭

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા "સમાજ કલ્યાણ નિરીક્ષક" વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે ઓન-લાઇન જાહેરાત ક્રમાંક : ૧૧૫/૨૦૧૬૧૭ અન્વયે તા.૭-૧૦-૨૦૧૮ના રોજ બપોરના ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન લેખિત પરીક્ષા યોજાનાર છે. ઉમેદવારોએ તા. ૨૫-૦૯-૨૦૧૮ ના રોજ બપોરના ૧૪-૦૦ કલાકથી તા.૦૭-૧૦-૨૦૧૮ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક દરમ્યાન પોતાનો પ્રવેશપત્ર-હાજરીપત્રક (કોલ લેટર) તથા ઉમેદવારો માટેની સુચનાઓ https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવાના રહેશે. ઉમેદવારો માટેની સૂચનાઓ મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in/**ઉપરથી પણ મેળવી શકાશે.

પ્રવેશપત્ર- હાજરીપત્રક (કોલ લેટર) **"On Line"** મેળવવા માટે (ડાઉનલોડ કરવા માટે) ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં;

સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જવું.

હવે **"Call Letter"** પર **Click** કરવું. ત્યારબાદ **Select job** પર **Click** કરી જાહેરાત નંબર : ૧૧૫/૨૦૧૬૧૭ **Select** કરીને **"Confirmation Number"** તથા **"Birth date"** ટાઇપ કરીને **ok** પર **click** કરવાથી અલગ **Window** માં આપના **Call Letter** (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. જયારે ઉમેદવારો માટેની સૂચનાઓની પ્રીન્ટ ડાઉનલોડ કરવી ફરજીયાત છે.

નોંધ :(૧) **Ojas** વેબસાઇટ પરથી **Call Letter** (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ કરતાં પહેલાં કોમ્પ્યુટર સાથે જોડેલ પ્રિન્ટરમાં **A4** સાઇઝનું **setup** ગોઠવવું જરૂરી છે.

(૨) ઉમેદવારે જે તે સમયે ઓન લાઇન અરજી **Confirm** કર્યા બાદ મળેલ **Confirmation Number** અને અરજીમાં દર્શાવેલ **Birth Date** જ પ્રવેશપત્ર મેળવવા માટે વેબસાઇટમાં ટાઇપ કરવાની રહેશે. તો જ પ્રવેશપત્ર-હાજરીપત્રક ડાઉનલોડ થશે. જેની જવાબદારી ઉમેદવારની છે.

(૩) "સમાજ કલ્યાણ નિરીક્ષક" વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે ઓન-લાઇન જાહેરાત ક્રમાંક : ૧૧૫/૨૦૧૬૧૭ અન્વયે કોલ લેટર ડાઉનલોડ સંબંધી પૂછપરછ અંગે મંડળના કંટ્રોલ રૂમના ફોન નંબર : ૦૭૯ ૨૩૨ ૫૭૩૦૪ / ૫૩૬૨૭ ઉપર કચેરી સમય (૧૦-૩૦ થી ૬-૧૦ સુધી) દરમ્યાન જાહેર રજા સિવાય) સંપર્ક સાધવા ઉમેદવારોએ નોંધ લેવી. લેખિત પરીક્ષા સમયે, કોલ લેટર- હાજરીપત્રકની પ્રિન્ટ રજૂ કરવી ફરજીયાત છે.

**(૪) જાહેરાત ક્રમાંક: ૧૧૬/૨૦૧૬૧૭નો અને જાહેરાત ક્રમાંક ૧૧૫/૨૦૧૬૧૭ અભ્યાસક્રમ તથા ગુણભાર નીચે મુજબનો રહેશે**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન- ગુજરાતનો ઇતિહાસ,ભૂગોળ અને સંસ્કૃતિ,ભારતનું બંધારણ,રમતગમત,સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન,પર્યાવરણ, જાહેર વહિવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વિગેરે | ૬૦ | ૧૨૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય ,ગુજરાતી વ્યાકરણ | ૪૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ | |
| ૪ | ગાણિતક કસોટીઓ અને ટેસ્ટ ઓફ રીઝનીંગ | ૩૦ | |
| | | ૧૫૦ | |

**તારીખ : ૧૪/૦૯/૨૦૧૮** **સચિવ**

**સ્થળ : ગાંધીનગર**

## - : ઉમેદવાર માટેની સૂચનાઓ :-

( આ તમામ સૂચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.)

1) આ પરીક્ષામાં આપનો પ્રવેશ મંડળની જાહેર ખબર અને તેને સંબંધિત સૂચનાઓને આધારે આપે ઓન-લાઇન ભરેલ અરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળની બાંહેધરીના ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે.

2) જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત પરિપૂર્ણ કરતા ન હો તો, આપને આ પરીક્ષામાં નહીં બેસવા સલાહ આપવામાં આવે છે.

3) નિર્ધારીત પરીક્ષા સમય કરતા એક કલાક પહેલાં, એટલે કે, ૧૪-૦૦ વાગે આપે આપની બેઠક પર હાજર થવાનું રહેશે.

4) પ્રશ્ન પુસ્તિકામાં કુલ-૧૫૦ પ્રશ્નો અને સમય ૨ કલાકનો રહેશે. દરેક પ્રશ્ન ૧(એક) ગુણનો રહેશે. આ કસોટીમાં વિગતવાર જાહેરાતમાં જણાવેલ અભ્યાસક્રમ અને ગુણભાર મુજબના પ્રશ્નો પૂછવામાં આવશે.

5) ઉમેદવાર પરીક્ષાખંડમાં પ્રવેશપત્ર અને ઓળખના પુરાવા સિવાય કોઇપણ ચીજ સાથે રાખી શકશે નહીં. ઉમેદવારે કોઇપણ પુસ્તક, કાગળ, સાહિત્ય તથા પેજર, મોબાઇલ,(સ્વીચ્ડ ઓફ કે સાયલેન્ટ મોડ કરેલો હશે તો પણ) કેલક્યુલેટર જેવા કોઇ પણ વિજાણું સાધનો રાખવા નહી. આવી વસ્તુ(ઓ) આપની પાસેથી મળી આવશે તો, આપ ગેરલાયક ઠરશો, ઉપરાંત, આવી વસ્તુ(ઓ) જપ્ત કરવામાં આવશે અને શિસ્તભંગના ફોજદારી પગલાંને પાત્ર પણ ઠરશો.

6) ઉમેદવારે રફકામ પ્રશ્નપુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહીં. તેમ જ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.

7) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ગુજરાતીમાં ડાઉનલોડ કરેલ પ્રવેશપત્ર – હાજરીપત્રક (કોલલેટર) ઉપર પોતાનો ફોટો ચોંટાડી પરીક્ષાખંડમાં અચૂક સાથે લાવવાનો રહેશે. અન્યથા, આ પરીક્ષામાં આપને બેસવા દેવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલો હોય તદ્દન તેવો જ ફોટો હાજરીપત્રકમાં ચોંટાડવો ફરજીયાત છે.

8) પરીક્ષામાં હાજરી આપતી વખતે, આપે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ કે સ્કૂલ કોલેજનું ફોટાવાળુ ઓળખપત્ર, પૈકીનો ઓછામાં ઓછો કોઇપણ એક પુરાવો અસલમાં સાથે રાખવાનો રહેશે અને ઇન્વીજીલેટર (વર્ગ નિરીક્ષક) માંગે ત્યારે તે બતાવવાનો રહેશે.

9) ઓપ્ટીકલ માર્ક રીડીંગ (**O.M.R.**) / **M.C.Q.** પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા **O.M.R.** ઉત્તરપત્ર અને પ્રશ્નપુસ્તિકા પરની તે અંગેની સૂચનાઓ

ધ્યાનથી વાંચવી.પછી જ જવાબો લખવા.

10) **O.M.R.** ઉત્તરપત્રમાં લખવા માટે ભુરી (બ્લુ) અથવા કાળી (બ્લેક) બોલ પોઇન્ટ પેનનો ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ બિલકુલ કરવાનો નથી. વ્હાઇટ ઇન્ક, ઇરેઝર કે બ્લેડનો પણ ઉપયોગ કરવાનો નથી.

11) **O.M.R.** ઉત્તરપત્રમાં ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક, પ્રશ્નપુસ્તિકા નંબર આંકડામાં તથા પ્રશ્નપુસ્તિકા સિરીઝ અંગ્રેજી અક્ષરમાં અને **O.M.R.** પધ્ધતિમાં સૂચવ્યા મુજબ અચૂક દર્શાવવાનો રહેશે. આ સિવાય અન્ય કોઇ લખાણ કે ઓળખ ચિહ્ન કરવા નહિં. અન્યથા ક્ષતિયુક્ત **O.M.R.** ઉત્તરપત્ર રદ ગણીને કોમ્પ્યુટર ચકાસશે નહી જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

12) **O.M.R.** ઉત્તરપત્ર ઉપર ઉમેદવારે નિયત જગ્યાએ પોતાની સહી કરવાની રહેશે તેમજ **O.M.R.** ઉત્તરપત્ર ઉપર ઇન્વીજીલેટર (વર્ગનિરીક્ષક)ની સહી કરવામાં આવે તે જોવાનું રહેશે. ઉમેદવારની સહીના અભાવે **O.M.R.** ઉત્તરપત્રની ચકાસણી કરવામાં આવશે નહીં અને તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેની અચૂક નોંધ લેવી.

13) આ પરીક્ષાનું ઉત્તરપત્ર **O.M.R.** (ઓપ્ટીકલ માર્ક રીડીંગ) પધ્ધતિનું રહેશે. ઉમેદવારોએ તેમાં બેઠક ક્રમાંક તથા પ્રશ્નના જવાબ સામે ◯ માં બ્લ્યુ અથવા બ્લેક બોલપોઇન્ટ પેનથી સંપૂર્ણ ⬤ આ પ્રમાણે ઘૂંટીને દર્શાવવાનો રહેશે.

14) **O.M.R.** પધ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાકવાળા, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન પ્રશ્નપુસ્તિકામાં આપવામાં આવેલ સૂચનાઓ મુજબ (માઇનસ પધ્ધતિથી) કરવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક, કે એક કરતાં વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબ દીઠ ૦.૨૫ માઇનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય અને **O.M.R.** ઉત્તરપત્રમાં વિકલ્પ **(E) "Not attempted"** વિકલ્પ પસંદ કરશે / ડાર્ક કરશે તો તેના માઇનસ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહિં.

15) ઉમેદવાર નકલ કરતા ગેરરીતી / ગેરશિસ્ત આચરતા જણાશે તો, ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી પગલાં સહીતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

16) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી તથા આ હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય, ત્યાં સુધી, પરીક્ષાખંડ છોડી શકાશે નહી

**17)** ઉમેદવારે (૧) પ્રવેશપત્ર - હાજરીપત્રક (કોલ લેટર)નું અડધિયું, તેમજ (૨) પરીક્ષા પૂર્ણ થયેથી **O.M.R.** ઉત્તરપત્ર પરીક્ષા ખંડના ઇન્વીજીલેટરશ્રીને (વર્ગ નિરીક્ષકશ્રીને) પરત સોંપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમાં ચૂક કરનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવવા ઉપરાંત ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત તેમની સામે ફોજદારી પગલાં સહીતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ તેમજ પ્રશ્નપુસ્તિકા પોતાની પાસે રાખી શકશે.

**18)** લેખિત પરીક્ષા પૂરી થયા બાદ, એક અઠવાડીયામાં પ્રોવીઝનલ આન્સર કી મંડળની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. પ્રોવીઝનલ આન્સર કી સામેના વાંધા, આન્સર કી પ્રસિધ્ધ થયાના એક અઠવાડીયાની અંદર જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવામાં આવશે તો, તે વિચારણામાં લેવામાં આવશે અને બાદમાં ફાઇનલ આન્સર કી મંડળની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

**19)** આ પરીક્ષામાં મંડળ દ્વારા ઠરાવાયેલ લાયકી ગુણ (લઘુત્તમ લાયકી ગુણ ૪૦ ટકા) તમામ કેટેગરીના ઉમેદવારો માટે રહેશે.

**20)** સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબકકે ગુણ, પરિણામ કે રીચેકીંગની અરજી કે પરીક્ષા સંબંધિત અન્ય કોઇપણ બાબતની માહિતી મેળવવા માટેની કોઇ પણ અરજી/રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહીં.

તારીખ : ૧૪/૦૯/૨૦૧૮ સચિવ

સ્થળ : ગાંધીનગર